Sunday
12.04.2026
✻Volume :10 ✻ Issue No.275
✻Email.: kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

## કેન્દ્રીય મંત્રી શ્રી નિતિન ગડકરીએ બાંધકામ ક્ષેત્રમાં વૈકલ્પિક ઈંધણ અને નવીન ટેકનોલોજી અપનાવવા આહ્વાન કર્યું

### નવી દિલ્હીમાં ૧૭મા CIDC વિશ્વકર્મા એવોર્ડ્સ અને પ્રદર્શન 'વિકસિત ભારત ૨૦૪૭' ને સંબોધિત કર્યું




કમલમ્,
કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નિતિન ગડકરીએ બાંધકામ ક્ષેત્રમાં નવીનતા, ટેકનોલોજી અને ટકાઉ પદ્ધતિઓના મહત્વ પર ભાર મૂક્યો હતો, અને સાથે જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના ભવિષ્ય માટે વૈકલ્પિક ઈંધણ અને નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હી ખાતે ૧૭મા CIDC વિશ્વકર્મા એવોર્ડ્સ અને પ્રદર્શન 'વિકસિત ભારત ૨૦૪૭' માં સભાને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે જ્ઞાનને સંપત્તિમાં રૂપાંતરિત કરવા માટે નવીનતા, સાહસિકતા, વિજ્ઞાન, ટેકનોલોજી, સંશોધન અને કુશળ પદ્ધતિઓ આવશ્યક છે. તેમણે ઉમેર્યું હતું કે બાંધકામ ક્ષેત્ર સતત સંશોધન, નવીનતા અને તકનીકી ફેરફારો સાથે સતત વિકસિત થઈ રહ્યું છે. બાંધકામનો ખર્ચ ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂકતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આધુનિક



ટેકનોલોજી અપનાવવાથી અને પ્રક્રિયાઓમાં સુધારો કરવાથી કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે અને પ્રોજેક્ટ ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે ઝડપી નિર્ણય લેવાની પ્રક્રિયા, વધુ સારા પ્રોજેક્ટ આયોજન અને ગુણવત્તા પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા જરૂરી છે. મંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના સરળ અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે જમીન સંપાદન અને વૈધાનિક મંજૂરીઓ જેવી મુખ્ય પૂર્વ-જરૂરિયાતો અગાઉથી પૂર્ણ કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે ભૂતકાળમાં પેન્ડિંગ મંજૂરીઓ અને પ્રક્રિયાગત અવરોધોને કારણે થયેલા વિલંબથી પ્રોજેક્ટની સમયમર્યાદા અને કોન્ટ્રાક્ટરોના નાણાકીય સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી હતી. શ્રી ગડકરીએ પ્રોજેક્ટ અમલીકરણમાં ગુણવત્તા-આધારિત મૂલ્યાંકન સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો, અને જણાવ્યું હતું કે ખર્ચની વિચારણાઓની સાથે ગુણવત્તા અને કામગીરીને ઉચ્ચ પ્રાથમિકતા મળવી જોઈએ. ટકાઉ ઉકેલો પર ભાર મૂકતા, તેમણે હિતધારકોને બાયોફ્યુઅલ, બાયોમાસ-આધારિત ઈંધણ અને અન્ય વૈકલ્પિક ઈંધણના ઉપયોગની શોધ કરવા વિનંતી કરી હતી, અને જણાવ્યું હતું કે આવી ટેકનોલોજી પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવામાં અને ઓપરેશનલ ખર્ચ ઘટાડવામાં મદદ કરી શકે છે. તેમણે માર્ગ નિર્માણમાં પ્લાસ્ટિક કચરો અને વપરાયેલા ટાયરના રિસાયક્લિંગ સહિત 'વેસ્ટ-ટુ-વેલ્થ' ટેકનોલોજીના વધુ ઉપયોગ માટે પણ આહ્વાન કર્યું હતું. સફળ નવીનતાઓનો ઉલ્લેખ કરતા મંત્રીએ કહ્યું કે માર્ગ નિર્માણમાં પ્લાસ્ટિક કચરાના ઉપયોગના પરિણામો નાગપુર જેવા અમલમાં મુકાયેલા પ્રોજેક્ટ્સમાં પહેલેથી જ સકારાત્મક જોવા મળ્યા છે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં ટકાઉ સામગ્રીની સંભાવના દર્શાવે છે. તેમણે ભવિષ્યલક્ષી ટેકનોલોજી અને સંશોધન-આધારિત ઉકેલો અપનાવવાના મહત્વ પર વધુ પ્રકાશ પાડ્યો હતો અને નવીન બાંધકામ ટેકનોલોજી વિકસાવવા માટે ઉદ્યોગ, સંશોધન સંસ્થાઓ અને શિક્ષણ જગત વચ્ચે મજબૂત સહયોગને પ્રોત્સાહિત કર્યો હતો. શ્રી ગડકરીએ એ પણ નોંધ્યું હતું કે ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓએ વૈશ્વિક સ્તરે તેમની ક્ષમતાઓ પ્રદર્શિત કરી છે, દુબઈ, કતાર અને કેટલાક આફ્રિકન દેશોમાં મોટા પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા છે. તેમણે કહ્યું કે ગુણવત્તાના ઉચ્ચ ધોરણો જાળવવા અને ટૂંકા રસ્તાઓ (Shortcuts) ટાળવાથી ભારતની બાંધકામ ઉદ્યોગની વૈશ્વિક પ્રતિષ્ઠામાં વધુ વધારો થશે. મંત્રીએ સમારોહમાં વિજેતાઓને ૧૭મા CIDC વિશ્વકર્મા એવોર્ડ્સ પણ અર્પણ કર્યા હતા અને બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ગુણવત્તા અને નવીનતામાં તેમના યોગદાન બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા એન્જિનિયરો, બિલ્ડરો અને વ્યાવસાયિકો વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં અને વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનમાં યોગદાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



કમલમ્,
**સંતરામપુર મહાકાળી માતાજીના મંદિર ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને સંતરામપુર તાલુકામાં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના નામાંકન પૂર્વે ભવ્ય રેલી નું આયોજન કરવામાં આવ્યું જેમાં ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના નામાંકન પત્ર પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સવ વધાર્યો. જનસમર્થન, સંગઠન શક્તિ અને વિકાસના સંકલ્પ સાથે સંતરામપુરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો.**

## રાજ્યસભાના અધ્યક્ષ શ્રી સી.પી. રાધાકૃષ્ણને શ્રી નીતિશ કુમારને શપથ લેવડાવ્યા



કમલમ્,
રાજ્યસભાના માનનીય અધ્યક્ષ શ્રી સી.પી. રાધાકૃષ્ણને આજે સંસદ ભવનમાં બિહાર રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા નવા ચૂંટાયેલા સભ્ય શ્રી નીતિશ કુમારને શપથ લેવડાવ્યા હતા. શ્રી નીતિશ કુમારે હિન્દી ભાષામાં શપથ લીધા હતા. આ પ્રસંગે નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ; પંચાયતી રાજ અને મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ; કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ; રાજ્યસભાના ગૃહના નેતા અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગતપ્રકાશ નડ્ડા; બિહારના નાયબ મુખ્યમંત્રી શ્રી સમ્રાટ ચૌધરી; રાજ્યસભાના સભ્યો શ્રી જયરામ રમેશ, શ્રી રાજીવ શુક્લા અને શ્રી સંજય કુમાર ઝા; લોકસભાના સભ્ય શ્રી રાજીવ પ્રતાપ રૂડી; રાજ્યસભાના મહાસચિવ શ્રી પી.સી. મોદી અને સચિવાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત વિધાનસભા ખાતે સેવા અને સમર્પણના પ્રતિક પૂજ્ય કસ્તૂરબા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પુષ્પાંજલિ અર્પણ



કમલમ્,
સેવા, ત્યાગ અને સમર્પણના મૂલ્યોનું પ્રતિક બનેલા પૂજ્ય કસ્તૂરબા ગાંધીજી ની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતે તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, પૂજ્ય કસ્તૂરબા ગાંધીજીએ માત્ર મહાત્મા ગાંધીજીના જીવનસાથી તરીકે જ નહીં, પરંતુ રાષ્ટ્રસેવામાં સહયોગી બનીને નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. મહાત્મા ગાંધીજી દેશસેવામાં સમર્પિત હતા ત્યારે કસ્તૂરબા ગાંધીજી તેમની સાથે પડછાયા સમા રહી અવિરત સહયોગ આપ્યો હતો. અધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય સંગ્રામના વિર શહીદોએ દેશ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે, ત્યારે આજના યુવાનોની ફરજ છે કે તેઓ દેશના વિકાસ માટે સમર્પિત બની કાર્ય કરે અને રાષ્ટ્રને પ્રગતિના માર્ગે આગળ ધપાવે. આ પ્રસંગે દિલ્હી પબ્લિક સ્કૂલ, કોબાના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તથા તેમણે વિધાનસભાની શૈક્ષણિક મુલાકાત પણ લીધી હતી. આ કાર્યક્રમમાં વિધાનસભાના અધિકારી ઓ અને કર્મચારીઓએ પણ ઉપસ્થિત રહી પૂજ્ય કસ્તૂરબા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ઈફકો દ્વારા દેશવ્યાપી નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનની શરૂઆત ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ કરી

### આ અભિયાન દેશના ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૬૦ જિલ્લાઓ અને ૩,૪૭૭ તાલુકાઓમાં વ્યાપક રીતે ચાલશે : દિલીપ સંઘાણી



ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ દિલ્હી થી ૫ નેનો પ્રચાર વેનને લીલી ઝંડી બતાવીને ઐતિહાસિક અભિયાનનો શુભારંભ કરાવ્યો







- **નેનો NPK લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો NPK ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦) ને ભારતના ખાતર નિયંત્રણ આદેશ (FCO) માં ઔપચારિક રીતે સૂચિત કરવામાં આવ્યા છે : દિલીપ સંઘાણી**
- **પ્રિન્ટ, ટેલિવિઝન, રેડિયો, આઉટડોર અને ડિજિટલ મીડિયા પર આધારિત બહુ-માધ્યમ અભિયાન : દિલીપ સંઘાણી**

કમલમ્, નવી દિલ્હી
ઈફકો ભારતની સૌથી મોટી ખાતર સહકારી સંસ્થા, એ સત્તાવાર રીતે ઈફકો નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનનો શુભારંભ કર્યો. આ દરમિયાન ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ પ્રેસ વાર્તાને સંબોધિત કરતાં જણાવ્યું કે આ એક વ્યાપક અને એકીકૃત રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન છે, જેનો હેતુ ભારતીય ખેડૂતોમાં નેનો ખાતરોના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહજીની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યું છે અને 'આત્મનિર્ભર ભારત' અને 'સહકારથી સમૃદ્ધિ' જેવા રાષ્ટ્રીય મિશન સાથે સુસંગત છે? ભારતના રાજપત્રના ખાતર નિયંત્રણ આદેશ (FCO) માં નેનો NPK લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો NPK ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦) ની ઐતિહાસિક સૂચનાને ભારતની કૃષિ નવીનતા યાત્રામાં એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર ગણાવવામાં આવ્યો, જે ભારતીય સહકારિતા માટે ગૌરવની ક્ષણ છે. તેમણે આગળ જણાવ્યું કે કોયમ્બતૂર સ્થિત ઈફકો-નાનોવેન્શન્સમાં ઈફકોનું ઈનોવેશન હબ અને બ્રાઝીલમાં આવનાર નેનો ખાતર ઉત્પાદન પ્લાન્ટ - જે જૂન ૨૦૨૬ સુધી શરૂ થવાનો છે-કૃષિ માટે નેનો ટેકનોલોજીમાં ભારતની વધતી વૈશ્વિક ક્ષમતાનું પ્રતીક છે. વધુમાં ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું કે ભારત આજે એવા ઐતિહાસિક મુકામ પર છે જ્યાં પરંપરા અને ટેકનોલોજી એકબીજા સાથે મળે છે, અને આ જ સંયોજન ભારતીય કૃષિને નવી દિશા આપી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં રચાયેલ નવા સહકાર મંત્રાલય નું સુકાન સફળ અને સબળ દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાંભળી રહ્યા છે. નવા મંત્રાલયની રચના બાદ 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર - જેના અંતર્ગત સહકારી સંસ્થાઓ ખેડૂતો સુધી નવી ટેકનોલોજી અને સંસાધનો પહોંચાડે છે- આ અભિયાનની ભાવનાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે અને સાચા અર્થમાં 'આત્મનિર્ભર ભારત, આત્મનિર્ભર કૃષિ'ના મંત્રને સાકાર કરે છે. શ્રી સંઘાણીએ નેનો ખાતર ક્રાંતિને ભારતીય કૃષિ માટે પરિવર્તનકારી ક્ષણ ગણાવી. નેનો મહા અભિયાનને રાષ્ટ્રીય સ્તરે જાગૃતિ અને પરિવર્તન અભિયાન તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેના ચાર મુખ્ય હેતુઓ છે: નેનો યુરિયા પ્લસ, નેનો DAP, નેનો NPK, નેનો ઝિંક અને નેનો કોપરનો વ્યાપક પ્રચાર; ખેડૂતોને મુખ્યત્વે ફોલિયર સ્પ્રે દ્વારા યોગ્ય ઉપયોગ માટે તાલીમ આપવી; પરંપરાગત ખાતરો પર નિર્ભરતા ઘટાડવી; અને સહકારી નેટવર્ક દ્વારા અંતિમ સ્તર સુધી પહોંચ સુનિશ્ચિત કરવી.

"ગ્રામ સ્તરના જાગૃતિ અભિયાન, દરેક PACS ને મજબૂત બનાવીને અને ક્ષેત્ર પ્રદર્શન દ્વારા આગળ વધારવું પડશે. જ્યારે ખેડૂત પોતાના આંખે પરિણામ જોશે, ત્યારે વિશ્વાસ આપોઆપ આવશે. તેમના સંબોધનના અંતમાં શ્રી સંઘાણીએ નેનો મહા અભિયાનને સાચા જનઆંદોલનમાં પરિવર્તિત કરવાની અપીલ કરી. તેમણે જણાવ્યું કે નેનો ખાતર માત્ર ઉત્પાદન નથી, પરંતુ જમીન અને પર્યાવરણની સુરક્ષા તથા ખેડૂતોની આવક વધારવાનો અસરકારક સાધન છે. તેમણે કહ્યું, "આપણે મળીને સંકલ્પ કરીએ -ઓછી કિંમત, વધુ ઉત્પાદન અને સ્વસ્થ પર્યાવરણ - દરેક ખેતરમાં નેનો ખાતર આ જ નવું ભારત છે, આ જ આત્મનિર્ભર ભારત છે." ઈફકોએ ૨૧૮ લાખથી વધુ બોટલ નેનો યુરિયા પ્લસ લિક્વિડ અને ૬૪.૨૬ લાખથી વધુ બોટલ નેનો DAP લિક્વિડનું વેચાણ હાંસલ કર્યું છે. નેનો ઝિંક અને નેનો કોપર ઉત્પાદનોને પણ પ્રથમ વર્ષમાં અનુક્રમે ૫૭ લાખ અને ૨ લાખ બોટલનું પ્રભાવશાળી વેચાણ મળ્યું છે. આ નોંધપાત્ર છે કે નેનો યુરિયા પ્લસની ૨૦૮.૨૬ લાખ બોટલ પરંપરાગત યુરિયાના ૯.૩૭ લાખ મેટ્રિક ટન બરાબર છે અને નેનો DAPની ૫૭.૮૯ લાખ બોટલ DAPના ૨.૮૯ લાખ મેટ્રિક ટન બરાબર છે, જે દેશ માટે લોજિસ્ટિક્સ, ઊર્જા અને આયાત ખર્ચમાં મોટા પ્રમાણમાં બચત દર્શાવે છે. ઈફકોની નેનો ખાતર શ્રેણીમાં નેનો યુરિયા પ્લસ, નેનો DAP, નેનો NPK (લિક્વિડ અને ગ્રેન્યુલર), નેનો ઝિંક, નેનો કોપર અને જૈવ-ઉત્તેજક ધરા અમૃતનો સમાવેશ થાય છે. ઈફકોનું અનોખું જૈવ-ઉત્તેજક ધરા અમૃત - જે એમિનોએસિડ, એલ્જિનિક એસિડ, હ્યુમિક એસિડ, આવશ્યક ખનિજો અને કેળાના રસથી સમૃદ્ધ છે -લોન્ચ બાદથી ખેડૂતોમાં વ્યાપક સ્વીકાર મેળવી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈફકોનું કર પૂર્વ નફો ૪,૨૦૦ કરોડના સર્વોચ્ચ સ્તરથી વધુ રહેવાનો અંદાજ છે. નેનો ટેકનોલોજી, ડ્રોન ટેકનોલોજી, AI અને ડેટા વિશ્લેષણમાં સતત નવીનતા દ્વારા ઈફકો ભારતના કૃષિ-ખાદ્ય ક્ષેત્રને રૂપાંતરિત કરી રહ્યું છે અને 'સહકારથી સમૃદ્ધિ'ના લક્ષ્યને આગળ ધપાવી રહ્યું છે. આ કાર્યક્રમ ઈફકો સદન, નવી દિલ્હી ખાતે યોજાયો હતો, જેનું ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ ઉદ્ઘાટન કર્યું. ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ સહિત નિર્દેશક મંડળના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આયુષ મંત્રાલય દ્વારા "ટકાઉ સ્વાસ્થ્ય માટે હોમિયોપેથી" વિષય પર રાષ્ટ્રીય ઉજવણી સાથે વિશ્વ હોમિયોપેથી દિવસ ૨૦૨૬ ની ઉજવણી



## સંશોધન, નિયમન અને સંસ્થાકીય સહાય દ્વારા ભારતનું હોમિયોપેથી ક્ષેત્ર મજબૂત થઈ રહ્યું છેઃ શ્રી પ્રતાપરાવ જાધવ







## "સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ પ્લેટફોર્મ અને સંશોધન દ્વારા આયુષ ઇકોસિસ્ટમને મજબૂત કરી રહી છે" -વૈદ્ય રાજેશ કોટેચા

## "પુરાવા-આધારિત પ્રગતિ અને સતત સંશોધન એ વૈશ્વિક સ્તરે હોમિયોપેથીને મજબૂત કરવાની ચાવી છે": શ્રી પ્રતાપરાવ જાધવ

કમલમ્,

આયુષ મંત્રાલયે "ટકાઉ સ્વાસ્થ્ય માટે હોમિયોપેથી" (Homoeopathy for Sustainable Health) થીમ પર કેન્દ્રિત વિશ્વ હોમિયોપેથી દિવસ ૨૦૨૬ ની ઉજવણી નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે એક ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે કરી હતી, જેમાં દેશભરના નીતિ નિર્માતાઓ, સંશોધકો, પ્રેક્ટિશનરો, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. આ કાર્યક્રમ ડૉ. સેમ્યુઅલ હેનીમેનની જન્મજયંતિ નિમિત્તે યોજાયો હતો અને તેમાં સર્વસમાવેશક અને ટકાઉ સ્વાસ્થ્ય સેવાઓને આગળ વધારવામાં હોમિયોપેથીની વિસ્તરતી ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સભાને સંબોધતા આયુષ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે, "વર્ષોથી ભારતે મજબૂત સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા સમર્થિત એક મજબૂત અને વિસ્તરતું હોમિયોપેથી કાર્યબળ વિકસાવ્યું છે. CCRH, NCH અને NIH જેવી સંસ્થાઓ સંશોધન, શિક્ષણ અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ વિતરણ દ્વારા હોમિયોપેથીમાં વૈજ્ઞાનિક પાયા, નિયમનકારી માળખા અને જાહેર વિશ્વાસને સતત મજબૂત કરી રહી છે, જેનાથી દેશભરમાં સુલભ અને પરવડે તેવી આરોગ્ય સેવાઓમાં અર્થપૂર્ણ યોગદાન મળી રહ્યું છે."

શ્રી જાધવે ભારપૂર્વક જણાવ્યું હતું કે હોમિયોપેથીને વિશ્વસનીય અને વૈશ્વિક સ્તરે સુસંગત ચિકિત્સા પદ્ધતિ તરીકે વધુ મજબૂત કરવા માટે પુરાવા-આધારિત પ્રગતિ, આંતરશાખાકીય સહયોગ અને સતત સંશોધન આવશ્યક છે. તેમણે ઉચ્ચ-ગુણવત્તાવાળી, દર્દી-કેન્દ્રીત આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવા માટે વૈજ્ઞાનિક અભ્યાસ વધારવા, શિક્ષણના ધોરણો સુધારવા અને પ્રેક્ટિશનરો, સંશોધકો અને નીતિ નિર્માતાઓ વચ્ચે મજબૂત સંકલનને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક આરોગ્ય લક્ષ્યો સાથે સુસંગત રહીને સર્વગ્રાહી અને ટકાઉ હેલ્થકેર મોડેલને પ્રોત્સાહન આપવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ નોંધ્યું હતું કે સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ, સેવાઓના વિસ્તરણ અને પુરાવા-આધારિત આરોગ્ય સંભાળ વિતરણને ટેકો આપવા માટે આયુષ ગ્રીડ અને HMIS જેવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા આયુષ ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહી છે. તેમણે કુશળ અને ભવિષ્ય માટે સજ્જ કાર્યબળ બનાવવા માટે શિક્ષણ અને તાલીમ પ્રણાલીઓને આધુનિક બનાવવાના પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી કોટેચાએ વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત હોમિયોપેથીમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવ્યું છે, જે મજબૂત સંસ્થાકીય નેટવર્ક અને સંશોધન તથા માનકીકરણ પર વધતા ભાર દ્વારા સમર્થિત છે, જે સુલભ અને ટકાઉ આરોગ્ય સંભાળમાં યોગદાન આપે છે.

આયુષ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુશ્રી અલાર્મેલમંગઈ ડી.એ જણાવ્યું હતું કે સંસ્થાકીય વિકાસ, માનકીકરણ અને વૈશ્વિક પહોંચ પર મજબૂત ભાર સાથે હોમિયોપેથી ભારતની આરોગ્ય સંભાળ પ્રણાલીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે. તેમણે નોંધ્યું હતું કે હોમિયોપેથીના પ્રેક્ટિશનરો માટેનું નેશનલ રજિસ્ટર જેવી પહેલો પારદર્શિતા વધારી રહી છે અને વ્યવસાયિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહી છે, જ્યારે શૈક્ષણિક સંસ્થાઓ અને પ્રેક્ટિશનરોનું વિસ્તરતું નેટવર્ક આ પદ્ધતિની વધતી જતી સ્વીકૃતિ દર્શાવે છે. તેમણે સુરક્ષિત, વિશ્વસનીય અને અસરકારક દર્દી સંભાળ સુનિશ્ચિત કરવા માટે ક્લિનિકલ તાલીમ અને ફાર્માસ્યુટિકલ ગુણવત્તામાં ઉચ્ચ ધોરણો સાથે આ વિસ્તરણને સંરેખિત કરવાની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો હતો. આયુષ મંત્રાલયના સલાહકાર (હોમિયોપેથી) ડો.પ્રીથા કિઝક્કુટિલે જણાવ્યુ હતુ કે હોમિયોપેથી આરોગ્ય સંભાળ માટે દર્દી-કેન્દ્રીત અને ખર્ચ-અસરકારક અભિગમ પ્રદાન કરે છે, જેમાં નિવારક અને ક્રોનિક રોગ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સંભાવનાઓ છે. તેમણે નોંધ્યું હતું કે મંત્રાલય હેઠળની ચાલુ પહેલો સુલભતા અને સંકલનમાં સુધારો કરી રહી છે, જ્યારે શિક્ષણ, સંશોધન અને નૈતિક પ્રેક્ટિસ પર સતત ધ્યાન કેન્દ્રિત કરવાથી સિસ્ટમની વિશ્વસનીયતા અને પહોંચ મજબૂત થઈ રહી છે. સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથીના ડાયરેક્ટર જનરલ ડો. સુભાષ કૌશિકે સ્વાગત પ્રવચન આપતા નોંધ્યું હતું કે, "વિશ્વ હોમિયોપેથી દિવસ એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ તરીકે વિકસિત થયો છે જે હોમિયોપેથીની વધતી જતી ઓળખને પ્રતિબિંબિત કરે છે. આ ફોરમ સંશોધકો, પ્રેક્ટિશનરો, શિક્ષકો અને નીતિ નિર્માતાઓને સંવાદ, નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે એકસાથે લાવે છે.

અમારું ધ્યાન આજે સંશોધન, નીતિ અને પ્રેક્ટિસ વચ્ચેની કડીને મજબૂત કરવા પર છે જેથી વૈજ્ઞાનિક જ્ઞાન અર્થપૂર્ણ જાહેર આરોગ્ય પરિણામોમાં પરિવર્તિત થઈ શકે." નેશનલ કમિશન ફોર હોમિયોપેથીના અધ્યક્ષ ડો. તારકેશ્વર જૈને ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારતમાં હોમિયોપેથી આજે માત્ર એક વિકલ્પ નથી પરંતુ ચિકિત્સા પદ્ધતિની મુખ્ય પ્રવાહની સિસ્ટમ તરીકે સ્થાપિત થઈ છે, જેને ૩.૪૫ લાખથી વધુ નોંધાયેલા પ્રેક્ટિશનરો અને ૨૯૧ શૈક્ષણિક સંસ્થાઓનું સમર્થન છે.

નેશનલ કમિશન ફોર હોમિયોપેથી દ્વારા, અમે સિસ્ટમની વિશ્વસનીયતા અને અસરકારકતાને વધુ વધારવા માટે પારદર્શિતા, શિક્ષણમાં ગુણવત્તા અને નૈતિક ધોરણોને મજબૂત બનાવી રહ્યા છીએ." આ પ્રસંગે, CCRH ના નવા સત્તાવાર લોગો અને ઈવેન્ટ સ્મૃતિચિહ્ન (Souvenir) સહિત મહત્વપૂર્ણ પ્રકાશનો અને જ્ઞાન સંસાધનોની શ્રેણી બહાર પાડવામાં આવી હતી.

અનાવરણ કરાયેલા મુખ્ય પ્રકાશનોમાં "CCRH જર્નીઃ પબ્લિકેશન આઉટરીચ એન્ડ નોલેજ ડિસેમિનેશન", 'એકોરસ કેલેમસ' (Acorus calamus) પર એક મોનોગ્રાફ અને "સાયન્ટિફિક પર્સપેક્ટિવ્સ ઓફ હોમિયોપેથિક મેડિસિન્સ: અ પ્રેક્ટિશનર્સ ગાઈડ" નો સમાવેશ થાય છે. CCRH નું સુધારેલું ન્યૂઝલેટર અને ઈન્ડિયન જર્નલ ઓફ રિસર્ચ ઈન હોમિયોપેથી (IJRH), વોલ્યુમ ૨૦ ઈશ્યૂ ૧ નો લેટેસ્ટ અંક પણ બહાર પાડવામાં આવ્યો હતો, સાથે નેશનલ કમિશન ફોર હોમિયોપેથી (NCH) દ્વારા એક્ટ, રૂલ્સ અને રેગ્યુલેશન્સનું વોલ્યુમ ૨ પણ જાહેર કરવામાં આવ્યું હતું. ડિજિટલ મોરચે, મુખ્ય પહેલોમાં આયુષ ગ્રીડ પોર્ટલ પર સર્ટિફિકેશન કોર્સ, AI-સક્ષમ જ્ઞાન પ્રસાર સામગ્રી, IRINS એકીકરણ, હિન્દી શબ્દકોશ વેબસાઈટ અને હોમિયોપેથિક અવેરનેસ વીક (એપ્રિલ ૧–૭, ૨૦૨૬) દરમિયાન આયોજિત દેશવ્યાપી પ્રવૃત્તિઓનું ઓડિયો-વિઝ્યુઅલ સંકલન સામેલ હતું.

આ કાર્યક્રમે હોમિયોપેથીને પુરાવા-આધારિત, સુલભ અને દર્દી-કેન્દ્રીત આરોગ્ય સંભાળ પ્રણાલી તરીકે મજબૂત કરવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. સંશોધન, શિક્ષણ, ડિજિટલ એકીકરણ અને જાહેર સંપર્ક પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને, આયુષ મંત્રાલયનો ઉદ્દેશ્ય સમાજના તમામ વર્ગોને સસ્તું અને સર્વગ્રાહી આરોગ્ય સંભાળ પહોંચાડવામાં હોમિયોપેથીની ભૂમિકાને વધુ વધારવાનો છે.

# ગોંડલમાં ભાજપનું ભવ્ય શક્તિપ્રદર્શન: કેસરીયા માહોલ વચ્ચે ભવ્ય મહારેલી યોજાઈ



કમલમ્,

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો જંગ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ગોંડલ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી જંગી મહારેલીએ વિરોધીઓને પોતાની તાકાતનો પરચો આપ્યો હતો. ધારાસભ્ય ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજાના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં સમર્થકોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયા, ઉપાધ્યક્ષ પ્રફુલભાઈ ટોળીયા, અશોકભાઈ પીપળીયા, રાજકિય આગેવાનો, અગ્રણીઓ, જિલ્લા અને તાલુકાના રાજકીય આગેવાનો, જિલ્લાના મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૧૦ કલાકે દાસીજીવણ પાર્ટી પ્લોટથી આ મહારેલીનું પ્રસ્થાન થયું હતું. શહેરના મુખ્ય માર્ગો જેવા કે બસ સ્ટેન્ડ રોડ, ગુંદાળા દરવાજા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક અને માંડવી ચોક પરથી પસાર થતી આ રેલીમાં કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ડીજેના તાલે 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ" ના નારા સાથે સમગ્ર ગોંડલ ગુંજી ઉઠાયું હતું. માર્ગમાં આવતા તમામ સ્ટેચ્યુને હારતોરા કરી સન્માનવામાં આવ્યા હતા તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા સહ ઈન્ચાર્જ કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવ્યું છે.

# સંશોધનને આગળ વધારવા અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને સમર્થન આપવામાં CSIR-CSMCRI ની ભૂમિકા પ્રશંસનીય: નિમુબેન બાંભણિયા

## વારસો અને નવીનતા: CSIR-CSMCRIના ૭૩મા સ્થાપના દિવસની ઉજવણી



કમલમ્,

CSIR-સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CSMCRI), ભાવનગર દ્વારા તેના ૭૩મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તેના વૈજ્ઞાનિક ઉત્કૃષ્ટતાના વારસા અને ભવિષ્યની આકાંક્ષાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ફાઉન્ડેશન ડે કમિટીના અધ્યક્ષ અને મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. જે. આર. ચુનાવાલાના સ્વાગત પ્રવચનથી થઈ હતી. તેમણે સંસ્થાની નોંધપાત્ર સફર અને વિજ્ઞાન તથા સમાજમાં તેના યોગદાન પર વિચાર રજૂ કરીને દિવસની રૂપરેખા તૈયાર કરી હતી. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી અને સાંસદ શ્રીમતી નીમુબેન જયંતીભાઈ બાંભણિયાએ વિશેષ સંબોધન આપ્યું હતું. જેમાં સંશોધનને આગળ વધારવા અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને સમર્થન આપવામાં CSIR-CSMCRI ની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે સંસ્થાના તમામ કર્મચારીઓને તેમની શુભેચ્છાઓ પાઠવી હતી. આઉટસ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટ ડૉ. કન્નન શ્રીનિવાસને મરીન કેમિકલ્સ અને મીઠાના સંશોધનમાં સંસ્થાની અગ્રણી ભૂમિકા પર ભાર મૂક્યો હતો, અને તેમના વિશેષ સંબોધનમાં દેશમાં વિજ્ઞાનના ઉત્થાનમાં CSIR ના યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. સુબીર એસ. મજુમદાર દ્વારા વિશિષ્ટ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, જેમણે બાયોટેકનોલોજીની પ્રગતિ અને નવીનતાઓ વિશે સમજ આપી હતી. એમ.એસ. યુનિવર્સિટી, બરોડાના પ્રોફેસર સિરિમાવો નાયરે તેમના મુખ્ય સંબોધનમાં ફોર્ટિફાઈડ રાઈસ (મજબૂત બનાવેલા ચોખા) અને તેના સ્વાસ્થ્ય લાભો પર પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. ઉજવણીનું મુખ્ય આકર્ષણ CSIR-CSMCRI ના ડાયરેક્ટર ડૉ. અરૂપ ઘોષનું સ્થાપના દિવસનું સંબોધન હતું, જેમણે સંસ્થાના વિઝન, સિદ્ધિઓ અને ભાવિ રોડમેપ પર પ્રેરણાદાયી ભાષણ આપ્યું હતું.

આ પ્રસંગના મહત્વમાં વધારો કરતા, ભાવનગરના જિલ્લા કલેક્ટર અને ડીએમ ડૉ. મનીષ કુમારે સભાને સંબોધિત કરી હતી, અને ભાવનગર જિલ્લાના વિકાસ માટે CSIR-CSMCRI સાથે સહયોગની ભાવિ શક્યતાઓની અપેક્ષા વ્યક્ત કરી હતી. મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. કે. બી. પાંડેએ માહિતી આપી હતી કે આ સંસ્થા વિજ્ઞાન પ્રેમીઓ તેમજ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી, જે તેમને 'જિજ્ઞાસા' (Jigyasa) કાર્યક્રમ હેઠળ ચાલી રહેલી સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓની મુલાકાત લેવાની અને તેની જાણકારી મેળવવાની તક પૂરી પાડે છે. કાર્યક્રમનું સમાપન CSIR-CSMCRI ના CoA શ્રી બિરંચી સારંગ દ્વારા આભારવિધિ સાથે થયું હતું, જેમાં તેમણે ઉજવણીને યાદગાર બનાવવા બદલ તમામ મહાનુભાવો, સહભાગીઓ અને સ્ટાફનો આભાર માન્યો હતો. ૭૩મો સ્થાપના દિવસ વૈજ્ઞાનિક નવીનતા, સહયોગ અને રાષ્ટ્રની સેવા પ્રત્યે CSIR-CSMCRI ની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે.

# રાજ્યસભાના અધ્યક્ષ શ્રી સી.પી. રાધાકૃષ્ણને શ્રી હરિવંશને શપથ લેવડાવ્યા



કમલમ્,

રાજ્યસભાના માનનીય અધ્યક્ષ શ્રી સી.પી. રાધાકૃષ્ણને સંસદ ભવનમાં નવનિયુક્ત સભ્ય શ્રી હરિવંશને શપથ લેવડાવ્યા હતા. શ્રી હરિવંશે હિન્દીમાં શપથ લીધા હતા. આ પ્રસંગે નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ; કાયદા અને ન્યાય રાજ્યમંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલ; રાજ્યસભાના ગૃહના નેતા અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગતપ્રકાશ નડ્ડા; કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી રામ નાથ ઠાકુર; રાજ્યસભાના મહાસચિવ શ્રી પી.સી. મોદી અને સચિવાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શંખેશ્વર તીર્થે જૈનમુનિશ્રીના જન્મ દિવસે ગૌશાળામાં ગાયોને ૧,૦૦૦ કિલો તરબૂચ ખવડાવવામાં આવેલ

## જીવ અને જીવને જીવવાદો એ સિદ્ધાંત જ જીવદયાનો મૂળ આધાર છે-મુની નયશેખર મહારાજ સાહેબ



કમલમ્,

વઢિયાર પંથકમાં આવેલ શંખેશ્વર મહાતીર્થે ગૌશાળામાં ગાયોને માનવતાના મસીહા પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ.પૂ.મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબના જન્મદિવસ નિમિત્તે એક હજાર કિલોથી અધિક તરબૂચ ખવડાવવામાં આવેલ.આ પ્રસંગે પ.પૂ. મુનિરાજશ્રી પુણ્યરત્નચંદ્રજી મ.સા,પ.પૂ. મુનિરાજશ્રી ધર્મરત્નચંદ્રજી મ.સા,પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મ.સા આદિ ઠાના ની પાવનકારી નિશ્રામાં ગૌશાળામાં ગાયોને તરબૂચ ખવડાવવામાં આવેલ અને પૂજય મહારાજ સાહેબ દ્વારા માંગલિક ફરમાવેલ.આ પ્રસંગે શંખેશ્વર પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.વી વસાવા, પરસોત્તમભાઈ, જનકભાઈ, અભયભાઈ, રણછોડભાઈ, પ્રદીપભાઈ, હરપાલભાઈ, જીતેન્દ્રભાઈ ગૌશાળામાં ઉપસ્થિત રહી ગાયોને તરબૂચ ખવડાવેલ.એક હજાર કિલો તરબૂચનો સંપૂર્ણ લાભ માતુશ્રી વાંસતીબેન અગરચંદજી દોશી,હસ્તે-શ્રી રાકેશભાઈ દોશી, ગામ-સેવાડી, રાજસ્થાન,હાલે-મુંબઈ વાળા પરિવારે લાભ લીધેલ.આ જીવદયાના અવસરે પૂ.મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ એ જણાવેલ કે જીવદયા એટલે સર્વ જીવમાત્ર પ્રત્યે દયા,કરુણા અને સહાનુભૂતિ રાખવી."જીવ અને જીવને જીવવા દો" એ સિદ્ધાંત જ જીવદયાનો મૂળ આધાર છે.જૈન ધર્મમાં જીવદયાને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે,કારણ કે દરેક જીવમાં આત્મા સમાયેલ છે અને દરેક આત્મા સમાન છે.જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરએ અહિંસાનું ઉપદેશ આપ્યો હતો.તેમણે કહ્યું કે કોઈપણ જીવને મન,વચન અને કાયાથી દુઃખ ન પહોંચાડવું એ જ સાચી ધાર્મિકતા છે.નાનીથી નાની કીડાથી લઈને મોટા પ્રાણી સુધી,દરેક જીવને જીવન જીવવાનો સમાન અધિકાર જીવદયા એટલે સર્વજીવમાત્ર પ્રત્યે દયા,કરુણા અને સહાનુભૂતિ રાખવી. "જીવ અને જીવને જીવવા દો" એ સિદ્ધાંત જ જીવદયાનો મૂળ આધાર છે.જૈન ધર્મમાં જીવદયાને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વાજતે ગાજતે ઢોલ નગારા સાથે વિશાળ જનમેદની સાથે ઉમેદવારી નોંધાવી



કમલમ્,બારડોલી

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે સુરત જિલ્લાની ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમારજી, જિલ્લા પ્રભારી શ્રી ગૌતમભાઈ ગેડીયા, બારડોલી નગર પ્રભારી ભાવેશભાઈ પટેલ આ તથા બારડોલી નગર બીજેપી પ્રમુખ અનંતભાઈ જૈન મહામંત્રી શ્રી નિસર્ગ ભાઈ મહેતા મુકેશ ભાઈ પટેલ,, બારડોલી તાલુકાપ્રમુખ ડૉ આનંદભાઈ પટેલ મહામંત્રી જીતુ ભાઈ વાસીયા, હિમાંશુ ભાઈ પટેલ,તથા ટેકેદારો,અને સમર્થકો સાથે વાજતે ગાજતે ઢોલ નગારા સાથે વિશાળ જનમેદની સાથે ઉપસ્થિતિમાં બારડોલી નગર પાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત,ની બેઠકો પર ઉમેદવારો એ નોંધાવી હતી.

